॥ જય માતાજી ॥

# બિહોલા રાજપૂત સમાજ, ગુજરાત રાજ્ય

રજિ. નં. A/738/ ગાંધીનગર

કાર્યાલય : ૬૦૯, દરબાર વાસ, ઈસનપુર મોટા, તા.જિ. ગાંધીનગર - ૩૮૨૩૫૫ મો. ૯૯૭૮૯ ૨૫૮૦૫

## સમાજહિતેચ્છુઓને નમ્ર અપીલ

આત્મીય સ્નેહી સ્વજનશ્રી ..........................................................................

જય માતાજી ! કુશળ હશો. કુશળ છીએ. સહર્ષ નમ્ર નિવદેન છે કે બિહોલા રાજપૂત સમાજ છેલ્લાં દશ વર્ષથી કાર્યરત છે. સમાજના અગ્રણીઓએ અત્યાર સુધીમાં બિહોલા રાજપૂત સમાજનાં લગભગ બધાં ગામોમાં પ્રવાસ કરીને તથા સમાજનું કેલેન્ડર પહોંચાડીને સમાજોત્થાનની વાતો પહોંચાડી છે. "બિહોલા વંશ યશ ગાથા" તથા "બિહોલા રાજપૂત પરિવારદર્શન" (ડીરેક્ટરી)નાં પુસ્તકો સમાજે પ્રકાશિત કરી, વર્ષ ૨૦૧૨ માં ગાંધીનગર મુકામે ટાઉનહોલ ખાતે બિહોલા રાજપૂત સમાજનું ભવ્ય સ્નેહસંમેલન તથા ઉપરોક્ત પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં ભારે સફળતા મળી હતી.

હજુ પણ સમાજવિકાસનાં ઘણાં કામો કરવાનાં બાકી છે, જેની આછી રૂપરખા નીચે પ્રમાણે છે.

૧. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ચંદ્રકો દ્વારા અભ્યાસમાં પ્રોત્સાહન.
૨. સમાજના ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ.
૩. સમાજની વિશિષ્ઠ પ્રતિભાઓનું સન્માન.
૪. સમાજના શિક્ષિત યુવાનોને નોકરી-ધંધા માટે માર્ગદર્શન.
૫. સમાજના નવયુવક-યુવતીઓ માટે સંસ્કાર-શિબિરોનું આયોજન.
૬. સમાજનાં કુસંપ, કુરિવાજો તથા વ્યસનોની નાબુદી.
૭. સમાજનાં સંપ, સહકાર અને સંગઠનની ભાવના ઊભી કરવી.

### સમાજના આ વિકાસકાર્યોમાં આપ આ રીતે મદદ કરી શકો.

૧. સમાજના આજીવન સભ્ય બનીને. આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧/-
૨. સમાજના શિક્ષણદાતા બનીને.

| | |
|---|---|
| શુભચિંતક શિક્ષણ દાતા : | દાન રૂા. ૫૦૦૧/- |
| સહાયક શિક્ષણદાતા : | દાન રૂા. ૭૫૦૧/- |
| પ્રેરક શિક્ષણદાતા : | દાન રૂા. ૧૧૦૦૧/- |

આપે આપેલ શિક્ષણફંડના દાનની રકમ ફીક્સ ડીપોઝીટ રૂપે મૂકવામાં આવશે તેના વ્યાજની રકમમાંથી ઉપરોક્ત પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ દાન માત્ર એક જ વખત લેવામાં આવશે. ઉપરોક્ત શિક્ષણદાતાઓનું જાહેર સન્માન કરવામાં આવશે અને તમામ સમારંભોમાં તેઓ કાયમી આમંત્રિત દાતાસભ્ય ગણાશે.

સમાજના આ વિકાસકાર્યોમાં આપનો યથાશક્તિ સાથ-સહકાર મળી રહેશે તેવી અતૂટ શ્રદ્ધા સાથે વિરમીએ છીએ.

### આપના સહકારાભિલાષી

| | | | |
|---|---|---|---|
| પ્રદીપસિંહજી બિહોલા<br>ઉપપ્રમુખશ્રી | પી. પી. બિહોલા<br>ઉપપ્રપમુખશ્રી | ઝીલુસિંહજી બિહોલા<br>મહામંત્રીશ્રી | વિસાજી એમ. બિહોલા<br>પ્રમુખશ્રી |
| ભરતસિંહજી બિહોલા<br>સહમંત્રીશ્રી | છત્રસિંહજી બિહોલા<br>સહમંત્રીશ્રી | કરણસિંહજી બિહોલા<br>કોષાધ્યક્ષશ્રી | દિલીપસિંહજી બિહોલા<br>સંગઠનમંત્રી |
| મહેન્દ્રસિંહજી બિહોલા<br>આંતરિક ઓડિટર | | | |

તથા અન્ય તમામ કારોબારી સભ્યશ્રીઓ

Scanned by CamScanner